# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૨/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં જીએફઆરઆરસી દ્વારા 'ઓટમ વિન્ટર ૨૦–૨૧ અને નવા યાર્ન'નું પ્રેઝન્ટેશન

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી દ્વારા ગુરૂવારે, તા. ૧૦ ઓકટોબર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'ઓટમ વીન્ટર ૨૦–૨૧ અને નવા યાર્ન'નું પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યુ હતુ. જેમાં બિરલા સેલ્યુલોસના બિઝનેસ ડેવલપમેન્ટના આસિસ્ટન્ટ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી કિરણ પંડયાએ સુરતના કાપડ ઉદ્યોગને નવા ફેબ્રિકસની જાણકારી આપી હતી. જયારે દામોદર ગૃપના એમડી શ્રી અભિષેક બિયાની અને જેપી મોડાટેક્ષના એમડી શ્રી જિન્દાસ જૈને વૈશ્વિક માર્કેટમાં કાપડ ઇન્ડસ્ટ્રીનો ચિતાર રજૂ કર્યો હતો.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી વિકાસની દિશામાં કઈ રીતે આગળ વધે તે માટે ચેમ્બર દ્વારા અવેરનેસ સેમિનારનુ આયોજન કરવામાં આવે છે. જો કે, આજરોજ બિરલા સેલ્યુલોસ અને જેપી મોડાટેક્ષ દ્વારા રિસર્ચ કરીને જે નવા યાર્ન અને કવોલિટી ફેબ્રિક બનાવવામાં આવ્યા છે તે વિશે જાણકારી મળી રહેશે.

જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગીરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, વૈશ્વિક માર્કેટમાં કઈ ફેશન અને કયો ટ્રેન્ડ ચાલી રહયો છે તે વિશેની માહિતી મળી રહે તે માટે ગારમેન્ટ સેમ્પલોના પ્રદર્શન થકી સુરતની ઇન્ડસ્ટ્રીને પ્રમોટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઓટમ વીન્ટર ૨૦–૨૧ અને નવા યાર્નના કલેકશનોનું પ્રદર્શન પણ અહીં રાખવામાં આવ્યુ છે.

વકતા શ્રી કિરણ પંડયાએ જણાવ્યુ હતુ કે, ચેમ્બરની સાથે મળીને ડેવલપમેન્ટ ઓફ સેન્ટર ઓફ એકસીલન્સ ઈન વેઇટ પ્રોસેસિંગને લઇને કામ કરવામાં આવી રહયુ છે. સુરતની ક્રિએટીવિટી જેવી કે વિસ્કોસ, મોડાલ અને એકસેલ બેઇઝ્ડ વોર્પને કવોલિટીમાં કઈ રીતે લાવી શકાય તે વિશે પ્રયાસ કરવામાં આવી રહયો છે. જેમાં ખૂબ જ સારુ અને ઇનોવેટીવ ફેબ્રિકસ બનાવી શકાય છે. નવા યાર્ન અને સારુ કપડું કઈ રીતે બનાવી શકાય તે વિશે એકટીવિટી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સુરતમાં લીવાનુ કેમ્પેન કરવામાં આવી રહયુ છે.

દામોદર ગૃપના એમડી શ્રી અભિષેક બિયાની અને જેપી મોડાટેક્ષના એમડી શ્રી જિન્દાસ જૈને વૈશ્વિક માર્કેટમાં વર્ષ ૨૦૨૦–૨૧માં કઈ ફેશન અને કયો ટ્રેન્ડ રહેશે તેમજ કયા પ્રકારનું યાર્ન ચાલશે તે વિશે મહત્વની માહિતી આપી હતી.

પ્રેઝન્ટેશન દરમિયાન જીએફઆરઆરસીના સભ્ય શ્રી ધીરજ તાલીયાવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. જયારે શ્રી નવીન પટેલે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ પ્રેઝન્ટેશનનું સમાપન થયુ હતુ.